ગાંધીનગર સમાચાર

ઉત્તર ગુજરાત

સાબરકાંઠા - અરવલ્લી

તા. ૩૧-૧-૨૦૨૧, રવિવાર



# ખેડૂતોને ફટકો : ઉત્તર ગુજરાતમાં બટાકાની આવક સાથે ભાવ ઘટ્યા

## પાંચ જિલ્લામાં ૧.૬ લાખ હેક્ટરમાં બટાકાનું વાવેતર

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦ ઉત્તર ગુજરાતમાં બે મહિના અગાઉ અન્ય લીલી શાકભાજીની સાથે શાકભાજીના રાજા ગણાતા બટાકાના ભાવ કીલો દીઠ રૂ.૫૦ પહોંચી ગયા હતા પરંતુ હવે નવા બટાકાની આવક શરૂ થતાંની સાથે ભાવ ઘટ્યા છે. બટાકાના કીલો દીઠ ભાવ રૂ.૨૦ ની સપાટીએ પહોંચી ગયા છે. જેથી ગ્રાહકોને ફાયદો જરૂર થયો પરંતુ બટાકાનું વાવેતર કરનારા ખેડૂતોને ફટકો પડ્યો છે. ૫ જિલ્લામાં વર્તમાન સીઝનમાં ૧,૦૬,૮૧૨ હેક્ટર જમીનમાં વાવેતર થયા પછી બટાકાના ભાવ ઘટતાં હવે ખેડૂતોને ઉત્પાદન ખર્ચ મુશ્કેલ બને તેવી સ્થિતિ છે. બટાકાની ખેતી માટે જાણીતા બનાસકાંઠા જિલ્લામાં આ વર્ષે ઉત્તર ગુજરાતમાં સૌથી વધુ ૫૯,૯૦૩ હેક્ટર જમીનમાં બટાકાનું વાવેતર થયું છે.

શિયાળાની સીઝનમાં શાકભાજીની ભરપૂર આવક થતાં આસમાને પહોંચેલા ભાવ ઘટ્યા છે. સ્થાનિક ઉપરાંત અન્ય રાજ્યોમાંથી રોજ ટન બંધ લીલી શાકભાજી માર્કેટમાં ઠલવાય છે જેના કારણે ભાવ આશ્ચર્યજનક રીતે ઘટ્યા છે. ઉત્તર ગુજરાતમાં બે મહિના અગાઉ ગરીબોની કસ્તૂરી ડુંગળીની સાથે બટાકાના ભાવ પણ ઐતિહાસિક સપાટીએ પહોંચી જતાં ભાવ મુદ્દે ગૃહીણીઓમાં દેકારો મચી ગયો હતો. પરંતુ હવે અન્ય શાકભાજી જે રીતે સસ્તી થઈ છે તે રીતે બટાકાના ભાવ પણ તળીયે પહોંચ્યા છે. ઉત્તર ગુજરાતમાં છેલ્લા ૧૫ દિવસથી નવા બટાકાની આવક શરૂ થઈ છે. શરૂઆતથી જ ભરપૂર આવક થતાં ભાવ નીચા ગયા છે. એક સમયે શાકભાજીના ઉંચા ભાવમાં બટાકાના ભાવ કીલો દીઠ રૂ.૫૦ સુધી પહોંચ્યા હતા જે ઘટીને રૂ.૨૦ થયા છે. સીઝનમાં સારા ભાવ મળવાની આશા સાથે ખેડૂતોએ ઉચ્ચ ગુણવત્તાનું બિયારણ ખરીદી બટાકા પકવ્યા હતા જેમાં ૧ કીલો બિયારણનો ખર્ચ રૂ.૪૦થી વધુ ખેડૂતોએ ખરચ્યા પણ હવે ખુલ્લા બજારમાં રૂ.૮ નો ભાવ મળી રહ્યો હોવાથી ઉત્પાદન ખર્ચ પણ ખેડૂતોને કોઈપણ રીતે પોષાય તેમ નથી. આ વર્ષે વધુ વાવેતરના કારણે બિયારણની ખુબ માંગ હતી જેના કારણે ભાવ વધ્યા પરંતુ મોંઘાભાવનું બિયારણ ખરીદીને પાક તૈયાર કર્યો ત્યાં બટાકાના ભાવ તળીયે જતાં ખેડૂતોને નુકસાન જવાની દહેશત છે.

**ઉત્તર ગુજરાતમાં બટાકાનું વાવેતર..**

| જિલ્લો | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| અરવલ્લી | ૧૯,૨૪૫ |
| બનાસકાંઠા | ૫૯,૯૦૩ |
| મહેસાણા | ૮,૨૬૧ |
| પાટણ | ૮૩૦ |
| સાબરકાંઠા | ૧૮,૫૭૧ |

**ઉત્તર ગુજરાતમાં રવી વાવેતર ઉપર નજર..**

| જિલ્લો | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| બનાસકાંઠા | ૪,૯૭,૩૬૮ |
| મહેસાણા | ૧,૮૮,૯૭૦ |
| પાટણ | ૧,૮૮,૩૪૪ |
| સાબરકાંઠા | ૧,૪૧,૧૯૮ |
| અરવલ્લી | ૧,૩૧,૫૫૦ |

# ઉત્તર ગુજરાતમાં ૧૧.૪૭ લાખ હેક્ટરમાં રવી પાકની વાવણી, ઠંડીની જમાવટથી ધરતીપુત્રો હરખાયા

## ઘઉં, રાયડાના મબલખ ઉત્પાદનની સંભાવના





બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦ ઉત્તર ગુજરાતમાં માફકસરની ઠંડી અને સિંચાઈનો લાભ મળતાં સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લાના ૪૭ તાલુકામાં ૧૧,૪૭,૪૩૦ હેક્ટર જમીનમાં રવી પાકની વાવણી થઈ ગઈ છે. જે રીતે કુદરતે ઠંડીનો પ્રકોપ શરૂ કર્યો છે તેના કારણે ઘઉં, રાયડા, જીરૂ, વરીયાળી સહિતના પાકનું બમ્પર ઉત્પાદન અને બટાકાના પાકને મહત્તમ ફાયદાની સંભાવના છે.

છેલ્લા કેટલાક સમયથી હવામાનમાં નાટકીય બદલાવ કાયમી બની ગયા છે. ખેડૂતો હવામાનનો મિજાજ પારખીને ખેતરોમાં વિવિધ પાકનું વાવેતર કરવા માટે મજબૂર બન્યા છે પરંતુ મોંઘાદાટ બિયારણના વાવેતર પછી પણ ઓચિંતુ હવામાન કથળતું હોવાથી વધુ ઉત્પાદનની આશાઓ ઉપર પાણી ફરી વળતું હોય છે. ઉત્તર ગુજરાતમાં રવી સીઝનની શરૂઆતમાં ડિસેમ્બરના આરંભ સુધી ઠંડીની જમાવટ થઈ ન હતી જેના કારણે આ વર્ષે રવી ખેતીનું વાવેતર ઓછું તો નહીં થાય ને..?? તેવી દહેશત હતી પરંતુ ત્યારબાદ ઠંડીની જમાવટ થઈ અને સિંચાઈ વિભાગ દ્વારા સુજલામ સુફલામ ઉપરાંત સ્થાનિક જળાશયોમાંથી ખેડૂતોને લાભપાંચમ પછી સિંચાઈ માટે પાણી છોડાતાં વાવેતર વિસ્તારમાં ઉછાળો આવ્યો. ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં બનાસકાંઠા જિલ્લામાં ૪.૯૭ લાખ હેક્ટર જમીનમાં સર્વાધિક વાવેતર થયું છે.

# ઈડર માર્કેટયાર્ડની ચૂંટણી નિર્વિઘ્ને સંપન્ન, વેપારી વિભાગમાં બમ્પર ૯૯ ટકા મતદાન, આજે મત ગણતરી



ઈડર (બ્યુરો ઓફિસ) તા.૩૦ ઈડર માર્કેટયાર્ડની ચૂંટણી શનિવારે નિર્વિઘ્ને સંપન્ન થઈ છે. વેપારી વિભાગમાં બમ્પર ૯૯.૩૫ ટકા મતદાન થતાં ઉમેદવારો પોતાની જીત મુદ્દે વિચારતા થઈ ગયા છે. જ્યારે ખેડૂત વિભાગમાં અગાઉથી જ સમરસતા જોવા મળી હતી જેના કારણે માત્ર ૬ ટકા જેટલું મતદાન નોંધાયું છે. રવિવારે સવારે મત ગણતરી હાથ ધરાશે અને ૧૧-૦૦ વાગ્યા સુધીમાં પરિણામ જાહેર થઈ શકે છે.

ઈડર માર્કેટયાર્ડનો ચૂંટણી જંગ જાહેર થયો ત્યારથી સહકારી રાજકારણમાં ગરમાવો આવી ગયો હતો. ખેડૂત, વેપારી અને સહકાર વિભાગની બેઠકોની ચૂંટણી માટે ઉમેદવારોએ ઝંપલાવ્યું પરંતુ સહકાર વિભાગની બેઠકો બિનહરીફ થયા પછી ખેડૂત વિભાગમાં સમજૂતીનો પ્રસ્તાવ રંગ લાવતાં બેઠકો ઉપર સંમતિ સધાઈ હતી જેથી એકમાત્ર વેપારી વિભાગની ૪ બેઠકો માટે ૮ ઉમેદવારો વચ્ચે રસાકસી ભર્યો જંગ જામ્યો હતો. ૧૫૫ મતદારોને પોતાના તરફી ખેંચવા માટે ઉમેદવારોએ તમામ તાકાત કામે લગાડતાં તા.૩૦ જાન્યુઆરીએ યોજાયેલા મતદાનમાં બમ્પર મતદાન નોંધાયું. છેલ્લી ઘડી સુધી મતદારોએ મૌન ધારણ કરતાં વેપારી વિભાગના ઉમેદવારો આજે શું પરિણામ આવશે..?? તે બાબતે અવઢવમાં છે.

## સાબરકાંઠા એસ.ઓ.જી.એ પિસ્તલ સાથે આરોપીને ઝડપ્યો

બાયડ, તા.૩૦

હિંમતનગર તાલુકાના સુરેશ્વરી ગામથી સાંચોદર જવાના રોડ ઉપર શંકાના આધારે વિજય જશવંતભાઈ પરમારને અટકાવી તલાસી લેતાં તેની પાસેથી દેશી બનાવટની પિસ્તલ મળી આવતાં એસ.ઓ.જી. પોલીસે રૂા.૧૦ હજારની કિંમતના મુદ્દામાલ સાથે આરોપી સામે આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

અંતરીયાળ ગ્રામ્ય માર્ગો ઉપર સંદિગ્ધ જણાતા લોકોની તલાશી શરૂ કરી છે જે સંદર્ભે હિંમતનગરના ગ્રામ્ય વિસ્તારમાંથી પસાર થતા શખ્સની હરકતો શંકાસ્પદ જણાતાં તેને થોભાવી તલાશી લેતાં પિસ્તલ મળી આવતાં તેની સામે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશમાં આર્મ્સ એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

# આજથી ૩ દિવસ પોલીયો અભિયાન : સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૨.૨૮ લાખ બાળકોને રસી અપાશે

## કાતિલ ઠંડીમાં પોલીયો અભિયાનને અસર થવાની સંભાવના

બાયડ, હિંમતનગર, મોડાસા (બ્યુરો ઓફિસ) તા.૩૦

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કાતિલ ઠંડીથી જનજીવન ધ્રુજ્યું છે. આજે રવિવારથી બંન્ને જિલ્લામાં ૩ દિવસ માટે પોલીયો અભિયાનની શરૂઆત થઈ રહી છે. આરોગ્ય વિભાગ દ્વારા ૧૪ તાલુકાના ૨,૨૮,૧૯૬ બાળકોને પોલીયોની રસી આપી સુરક્ષિત કરવાનો લક્ષ્યાંક નક્કી કરાયો છે. રસીકરણ માટે વિભાગ દ્વારા નિયત કરાયેલા સ્થળોએ પોલીયો બુથ ઉભા કરવામાં આવ્યા છે. કાતિલ ઠંડીના કારણે રસીકરણ અભિયાનને અસર થવાની સંભાવના છે. કોરોના કાળમાં આરોગ્ય વિભાગે તમામ તાકાત કોરોના વેક્સિનના અભિયાન ઉપર લગાડી છે ત્યાં આજથી ૩ દિવસ માટે પોલીયો રસીકરણ અભિયાન શરૂ થઈ રહ્યું છે.

જિલ્લામાં કાતિલ ઠંડીએ હિમયુગ જેવી હાલત ઉભી કરી છે. ગાત્રો થીજવતી ઠંડીમાં જનજીવન પ્રભાવિત બન્યું છે. ખાસ કરીને શ્વાસના રોગીઓની હાલત વધુ કફોડી બની છે. જિલ્લામાં આજે તા.૩૧ જાન્યુઆરીથી નેશનલ ઈમુનાઈઝેશન ડે પ્લસ પોલીયો અંતર્ગત ૦ થી ૫ વર્ષ સુધીના બાળકોને રસી આપવાના અભિયાનની શરૂઆત થવાની છે જેમાં અરવલ્લી જિલ્લામાં ૧,૧૪,૧૯૬ અને સાબરકાંઠા જિલ્લામાં ૧,૧૪,૦૦૦ બાળકોને આવરી લેવાનું લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યું છે. આરોગ્ય વિભાગ દ્વારા રસીકરણ સંપૂર્ણ રીતે સફળ થાય તે માટે પોલીયો બુથ ઉભા કરવાની સાથે આરોગ્ય કર્મીઓ, આશા વર્કરો સહિતના સ્ટાફ દ્વારા ડોર ટુ ડોર મુલાકાતો લઈ કોઈપણ બાળક પોલીયોની રસીથી વંચિત ન રહી જાય તેવું આયોજન ગોઠવવામાં આવ્યું છે.

**વેક્સિન આવતાં કોરોના ગાયબ..!!**

# ઉત્તર ગુજરાતમાં ૨૪ કલાકમાં માત્ર કોરોનાના ૫ પોઝિટિવ કેસ

## સાબરકાંઠામાં ૩, મહેસાણામાં ૨ કેસ નોંધાયા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦

રાજ્ય અને ઉત્તર ગુજરાતમાં કોરોના વેક્સિન આવતાં કોરોના પગપછાડીને ગાયબ થઈ ગયા જેવા આંકડા સામે આવી રહ્યા છે. ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમ્યાન માત્ર કોરોનાના ૫ પોઝિટિવ કેસ સરકારી દફતરે નોંધાયા છે. જો કે આ આંકડાથી સંદેહ ઉભો થયો છે. સાબરકાંઠામાં ૩, મહેસાણામાં ૨ અને પાટણમાં ૧ કેસ નોંધાયાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું છે.

વર્ષ-૨૦૨૦માં હાહાકાર મચાવનાર કોરોના ૨૦૨૧ના આરંભથી નબળો પડતો હોય તેવું દેખાઈ રહ્યું છે. જ્યારે સરકારના પ્રયાસોથી વેક્સિનેશન ૧૬ જાન્યુઆરીથી શરૂ થયું છે. વેક્સિન ગુજરાતમાં આવી ત્યારથી કોરોનાના કેસમાં બમ્પર ઘટાડો ઘણો સૂચક મનાય છે તેમ છતાં સરકારના સત્તાવાર આરોગ્ય વિભાગ દ્વારા જાહેર કરાતા આંકડા સ્વીકારવા રહ્યા. ૫ જિલ્લામાં ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સને વેક્સિનેશન આપવાની કામગીરી ચાલી રહી છે ત્યારે કોરોનાના કેસમાં ઘટાડો સારી બાબત છે. આરોગ્ય વિભાગના સૂત્રોનું માનીએ તો છેલ્લા ૨૪ કલાક દરમ્યાન ૫ પૈકી ૩ જિલ્લામાં પોઝિટિવ કેસ સામે આવ્યા છે. બનાસકાંઠા, અરવલ્લી જિલ્લામાં એકપણ પોઝિટિવ કેસ નોંધાયો નથી.



## સાબરડેરીના કર્મચારીનો નિવૃત્ત વિદાય સમારંભ યોજાયો

ભિલોડા વેટરનરી સેન્ટર ખાતે ફરજ બજાવતા નરસિંહભાઈ માધુભાઈ પટેલ વયમર્યાદાના કારણે નિવૃત્ત થતાં તેમનો નિવૃત્તિ સમારોહ તાજેતરમાં યોજાઈ ગયો. સાબરડેરીના ડિરેક્ટર જેસીંગભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયેલા કાર્યક્રમમાં નિવૃત્ત થયેલા કર્મચારીની કામગીરીની પ્રસંશા કરવામાં આવી હતી. આ પ્રસંગે સાબરડેરીના ડિરેક્ટર કનુભાઈ પટેલ, ભિલોડા તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ કાન્તિભાઈ પટેલ, ટાકાટૂંકા દૂધ મંડળીના ચેરમેન શામળભાઈ પટેલ, અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન ઉપપ્રમુખ રાજુભાઈ નિનામા સહિત આમંત્રિતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી તેમનું નિવૃત્તિમય જીવન લોકકલ્યાણના કામોમાં ઉપયોગી આવે તેવી શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

# ભવ્ય, દિવ્ય અરવલ્લી જિલ્લા માટે ભાજપ સંગઠનનું શામળાજી ધામમાં મનોમંથન

## જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, પાલિકાના ઉમેદવારોની પેનલો તૈયાર : જીતી શકે તેવા ઉમેદવારો અને જ્ઞાતિગત સમીકરણો ધ્યાનમાં લેવાયા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જાહેર થતાં અરવલ્લી જિલ્લામાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકામાં ફતેહ મેળવવા તેમજ ભવ્ય, દિવ્ય અરવલ્લી જિલ્લા માટે ભાજપ સંગઠન દ્વારા યાત્રાધામ શામળાજીમાં મનોમંથન કરવામાં આવ્યું હતું. જિલ્લાના ૮ મંડલના સંગઠન પ્રમુખ તેમજ જિલ્લા સંગઠન સાથે પ્રદેશ નિરીક્ષકોએ મેરેથોન બેઠક કરી ઉમેદવારોની પેનલ તૈયાર કરી છે જે પાર્લામેન્ટ્રી બોર્ડને સુપ્રત કરવામાં આવશે. જીતી શકે તેવા ઉમેદવારો અને જ્ઞાતિગત સમીકરણોને ધ્યાને લેવાયા છે.

અરવલ્લી જિલ્લામાં વર્ષ-૨૦૧૭માં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસે સપાટો બોલાવ્યો હતો. વર્ષ-૨૦૧૫ માં સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી જંગમાં પાટીદાર ઈફેક્ટના કારણે ભાજપને મોટું નુક્સાન પહોંચ્યું હતું પરંતુ વર્ષ-૨૦૧૯માં યોજાયેલી લોકસભા ચૂંટણીમાં ભાજપે સપાટો બોલાવ્યો હતો. અરવલ્લી જિલ્લા પંચાયતની ૩૦, ૬ તાલુકા પંચાયતની ૧૨૮ બેઠક અને મોડાસા-બાયડ નગરપાલિકાની કુલ-૬૦ બેઠક ઉપર ભાજપનો ભગવો લહેરાય તે માટે નિરીક્ષકોને તમામ મંડલોમાં મોકલવામાં આવ્યા હતા. ત્યાંથી જેમને દાવેદારી નોંધાવી તેવા નામોની સ્ક્રૂટીની કરી આખરી પેનલ બનાવવા માટે પ્રદેશ નિરીક્ષક જિલ્લા પ્રભારી મંત્રી રમણલાલ પાટકર, સંગઠન પ્રભારી રાજેન્દ્રભાઈ પાઠક, રેખાબેન ચૌધરી, જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્ર પટેલ વગેરેએ તાલુકામાં મોકલેલા નિરીક્ષકો તેમજ સ્થાનિક સંગઠનો સાથે શામળાજીમાં બેઠક યોજી પરામર્શ કરી હતી.

ઉમેદવારોની યાદી



મેળવ્યા પછી ૩-૩ ઉમેદવારોની પેનલ બનાવવામાં આવી છે અનેક બેઠકો ઉપર જ્ઞાતિગત સમીકરણોને પણ ધ્યાને લઈ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાઓમાં ભાજપનો ભગવો લહેરાય તેવા ઉમેદવારોને મેદાનમાં ઉતારવાનો નિર્ણય લેવાયો છે. જિલ્લામાં ભાજપ-કોંગ્રેસ ઉપરાંત આમ આદમી પાર્ટી મેદાનમાં ઝંપલાવે તો કોને ફાયદો થશે, કોને નુક્સાન થશે તેનું ગણિત મંડાઈ રહ્યું છે.

# મહાદેવગ્રામના રાજઘાટ પર પૂજ્ય બાપુને શ્રદ્ધાંજલિ : કોરોના ગાઈડલાઈન સાચવી હોત તો સારૂ..!!



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦

અરવલ્લી જિલ્લાના પ્રસિદ્ધ મહાદેવગ્રામના મીની રાજઘાટ ખાતે તા.૩૦ જાન્યુઆરીના રોજ ગાંધી બાપુના નિર્વાણદિન નિમિત્તે શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો આ પ્રસંગે પૂર્વ સાંસદ ડૉ.મહેન્દ્રસિંહ ચૌહાણ તેમજ અન્ય સામાજીક કાર્યકરોની ઉપસ્થિતિમાં ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ આપવામાં આવી પરંતુ મોટાભાગના નેતા અને આગેવાનો કોરોનાના સંક્રમણ વચ્ચે કોવિડ ગાઈડલાઈનનું પાલન ચૂક્યા હતા.

દર વર્ષની પરંપરા મુજબ મહાત્મા ગાંધી નિર્વાણ દિન તા.૩૦-૧-૨૦૨૧ ને શનિવારે સવારે મહાદેવગ્રામના મીની રાજઘાટ ખાતે શ્રદ્ધાંજલિ આપવાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં રાજકીય આગેવાનો, સામાજીક કાર્યકરો અને સ્થાનિક ગાંધીવાદી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ગાંધીજીના જીવન મૂલ્યોને યાદ કરી હૃદયપૂર્વક સૌ કોઈએ જ્યાં ગાંધીજીના અસ્થિ સચવાયા છે તે સ્થળે શ્રદ્ધાંજલિ આપી હતી. આ પ્રસંગે જિલ્લા ભાજપ સંગઠન ઉપપ્રમુખ શામળભાઈ પટેલ, દલિત મોરચાના પ્રમુખ દિનેશભાઈ પરમાર, નિલેષ જોષી, ડૉ.મધુસુદન વ્યાસ, જશવંતસિંહ મકવાણા, હિમાંશુ વ્યાસ અને સ્થાનિક શાળા શિક્ષકગણ ઉપસ્થિત રહ્યા હતા.